# મોડાસાની તિરૂપતિ બંગ્લોઝમાં વાનર ટોળકીનો આતંક યથાવત

## બંગ્લોઝમાં રહેતી શિક્ષિકાને કરડતા ચાર ટાંકા લેવા પડ્યા : રહીશોમાં ભય ફેલાયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી તીરૂપતિ બંગ્લોઝમાં વાનર ટોળકીએ છેલ્લા એક મહિનાથી આતંક ફેલાવ્યો છે. પંદર દિવસની આ વાનર ટોળકીએ તીરૂપતિ બંગ્લોઝ, આઈટીઆઈ વિસ્તાર અને બસસ્ટેન્ડમાં ૫ થી વધુ લોકોને વાનરોએ કરડતા હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી. બુધવારે વહેલી સવારે તિરૂપતિ બંગ્લોઝમાં રહેતી મહિલા પર વાનર ટોળકી ત્રાટકીને બચકુ ભરી લેતા મહિલા હિબકાઈ ગઈ હતી. મહિલાના સરીરના ભાગે બચકુ ભરી લેતા ૪ ટાંકા લેવાની ફરજ પડી હતી અને હડકવાના ઈન્જેક્શનનો કોર્ષ કરવો પડશે. થોડા દિવસ અગાઉ નગરપાલિકાતંત્રએ એક વાંદરાને પાંજરે પુરી સંતોષ વ્યક્ત કર્યો હતો. ત્યારે આજે ફરીથી વાનર કરડવાની ઘટના બનતા પ્રજાજનો ફફડી ઉઠ્યા છે.



મોડાસા શહેરના વૈભવી વિસ્તાર એવા માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત સામેના તિરૂપતિ બંગ્લોઝમાં વાનરોની ટોળકીએ આતંક મચાવતા બંગ્લોઝમાં રહેતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. તિરૂપતિ બંગ્લોઝમાં થોડા દિવસ અગાઉ વાનરોની ટોળકીએ આતંક મચાવતા એક જ દિવસમાં ત્રણ લોકોના શરીરે બચકા ભરી આતંક મચાવ્યો હતો. ફરીથી બુધવારે વાનરોની ટોળકીએ તિરૂપતિ બંગ્લોઝમાં રહેતા શિક્ષિકા મહિલા પર હૂમલો કરતા મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બુધવારે સવારે તિરૂપતિ બંગ્લોઝમાં ઘર નં. ૬માં રહેતી ભાવનાબેન કનુભાઈ પ્રજાપતિ (મૂળ રહે. રમોસ) વહેલી સવારે રોજીંદી ક્રિયા મુજબ દૂધ લેવા જતા હતા ત્યારે વાનરોની ટોળકીએ આજુબાજુથી ઘેરી લીધા હતા. શિક્ષિકા મહિલા કંઈ સમજે તે પહેલા એક મહાકાય વાનરે તેમના પર હૂમલો કરી પગના ભાગે બચકા ભરી લેતા પગના ભાગમાંથી બન્ને બાજુથી માંસના લોચા બહાર નિકળી જતા અને લોહીલુહાણ બની જતા બૂમાબૂમ કરી મુકતા વાંદરો ભાગી ગયો હતો. મહિલાએ બૂમાબુમ કરતા તેમના પરિવારજનો અને બંગ્લોઝના રહીશો દોડી આવી તાબડતોડ મહિલાને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મહિલાના પગે પડેલા ઉંડા ઘાના પગલે ૪ ટાકા લેવા પડ્યા હતા તેમજ હડકવા વિરોધી રસી લેવાની પરજ પડી હતી. તિરૂપતિ બંગ્લોઝમાં રહેતા યુવરાજસીંહ પુવારના જણાવ્યા અનુસાર બાજુમાં રહેલી આઈટીઆઈ આવેલા મેદાનોમાં રહેલા વૃક્ષો હોવાથી મોટા પ્રમાણમાં વાંદરાઓ અહી વસવાટ કરે છે. અને વાનરો ઘણીવાર તોફાને ચઢતા બાઈક કારના અને ઘરના બારી-બારણાના કાચ તોડી નાંખી આતંક મચાવતા રહે છે. પરંતુ તોફાને ચડેલા વાનરોની ટોળકીએ બંગ્લોઝના રહીશોને નિશાન બનાવી કરડતા બંગ્લોઝમાં રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.



# પ્રાંતિજ એપ્રોચ રોડ વિસ્તારની સોસાયટીના રહિશો પ્રાથમિક સુવિધાઓથી વંચિત

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ વિસ્તારમાં રહિશોની સ્થિતિ કફોડી બની છે અને રોજીંદી અને પ્રાથમિક સુવિધાઓ ના મળતા પાલિકા સહિત તંત્ર ઉપર ગરમીનો પારો કયા ટાઈમે સોસાયટીના રહિશો દ્વારા ટુટે તો નવાઈ નહી. ત્યારે આ વિસ્તારમાં રોજીંદી જરૂરિયાત અને પ્રાથમિક સુવિધાઓ એક પછી એક વિકાસના કામોને લઈને છીનવાતા રહીશોમાં રોષ જોવા મળ્યો છે.



પ્રાંતિજ એપ્રોચ રોડ ત્રણ રસ્તાથી ભાંખરીયા બસસ્ટેન્ડ સુધી રોડનું કામ ચાલી રહ્યું છે. ત્યારે એક બાજુ ગટરલાઈનના ખાડા અને બીજી બાજુ રોડને લઈને બન્ને બાજુ ખાડા કરવામાં આવતા છેલ્લા દોઢ મહિનાથી રોડને લઈને ચાલતુ મંથર ગતીએ કામ અને આ વિસ્તારના રહીશોની પ્રાથમિક સુવિધા અને રોજીંદી જરૂરિયાત સેવાઓ એક પછી એક ઠબ્બ થતાં સ્થાનિક રહીશો સહિત આ વિસ્તારમાં આવેલ દુકાનો માલિકો સહિત લોકોનો ગરમીનો પારો કદાચ હદ વટાવી લે તો નવાઈ નહીં. જ્યારે છેલ્લા દોઢ મહિનાથી આ વિસ્તારમાં પાણી આપવામાં આવતું નથી અને રોડની આડમાં નગરપાલિકા દ્વારા આ વિસ્તારના લોકો માટે કોઈ ભેદી ચાલ રમાતી હોય તેવુ લાગી રહ્યું છે. સોસાયટીના રહિશોને પદવી-પદવીને બે કે ત્રણ દિવસે થોડુ થોડુ પાણી આપવામાં આવે છે અને માત્ર રોડલાઈનનું કામના બહાના આગળ ધરી દે છે જ્યારે અન્ય કોઈ સુવિધા દ્વારા પાણી આપવામાં આવતુ નથી. જ્યારે કેટલાક દિવસોથી ટેલિફોન સેવા ઈન્ટરનેટ સેવા પણ બંધ છે અને છેલ્લા ચાર દિવસથી તો રાત્રીની સ્ટ્રીટલાઈટો પણ બંધ હાલતમાં પડી છે. જ્યારે બીજી બાજુ પ્રાંતિજ ઉપર રાત્રીના સમયે તસ્કરોની કાળીછાયાના ભયથી સ્થાનિક તથા આ વિસ્તારના રહિશોમાં ભય છે. ત્યારે પાલિકા દ્વારા આ વિસ્તારના લોકો ટેક્સ ના ભરતા હોય તેવું ઓરમાયું વર્તન કરે છે. જ્યારે રોડ કોન્ટ્રાક્ટર દ્વારા કામ ધીમી ગતિ અને જ્યાં ત્યાં ખોદકામ કરતાં અહીં આવેલા વેપારીઓની હાલત તો કફોડી બની છે અને સ્ટાફ ના હોવા છતાં જ્યાં ત્યાં ખોદકામ કરતા હાલ તો આ વિસ્તારના વેપારીઓના ધંધાઓ પણ પડી ભાંગ્યા છે. ત્યારે આવા વિકાસથી લોકો હાલ તો ખુશ નહી દુ:ખી હોય તેવું જણાઈ આવે છે.

# પાલનપુર સિવિલમાં ગંભીર રીતે દાઝેલી કિશોરીનું સારવાર દરમ્યાન મોત

પાલનપુર, તા. ૪

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આજે ૩ વર્ષની મીટાબેન રાજપુતનું આગથી દાઝી જવાથી મોત થયાનો બનાવ સામે આવ્યો છે. જેમાં ગત રોજ રાજસ્થાનના બાડમેર જિલ્લાના મીથોડા ગામે ખેતરમાં ઝુંપડુ બનાવી રહેતા રાજપૂત પરિવાર પર અચાનક અફાટનો પહાડ તુટી પડ્યો છે. જેમાં ગત રોજ રસોઈ દરમ્યાન અચાનક જ ઝુંપડાને આગ લાગી હતી જેના પગલે ઘરમાં બે બહેનો રમતી હતી તેમજ આગની ઝપેટમાં બંને બહેનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની હતી. જે પૈકી સવિતાબેન રાજપૂતને રાજસ્થાનની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. તેમજ મીટાબેન દીપસિંગ રાજપૂતને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાઈ હતી જ્યાં આજે તેનું મોત થતા સમગ્ર સિવિલ પરિસરમાં મોતનો માતમ છવાયો હતો.

# મોડાસા બસ સ્ટેન્ડ પાસે રાહદારીઓ માટે ઠંડી છાશ અને પાણીની પરબ ખુલ્લી મુકાઈ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓ અને જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ માટે હંમેશ માટે તત્પર રહેતી મોડાસાની લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને જાયટન્સ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા બુધવારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાળઝાળ ગરમીમાં તકેદારીના પગલા લેવાનું જણાવતા શહેરની બન્ને સંસ્થાઓએ બુધવારે સવારે મોડાસા બસ સ્ટેન્ડ બહાર ઠંડી છાશ અને ઠંડા પાણીની પરબ ખુલ્લી મુકી રાહદારીઓને અને મુસાફરોને ગરમીથી રક્ષણ આપવાનું સરાહનીય પગલુ લીધુ હતુ. મફત ઠંડી છાશ અને પરબનું ઉદ્ઘાટન જિલ્લા અધિક કલેક્ટર સામળભાઈ પટેલના હસ્તે કરાયું હતુ.




અરવલ્લી જિલ્લામાં ઉનાળો આકરો બનતા અને જિલ્લામાં આકાશમાંથી અગનગોળા વરસતા હાલમાં અસહ્ય ગરમી પડી રહી છે. તેમજ આગામી દિવસોમાં ગરમીનો પારો વધુ ઉંચકાવાનો હોવાથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના પ્રજાજનોને હીટવેવની અસરથી બચવા અને તકેદારીના પગલા લેવા જણાવવામાં આવ્યું હતું. જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ જિલ્લાની સામાજીક સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓના કાર્યકરોને બોલાવી જિલ્લાના પ્રજાજનોને કાળઝાળ ગરમી સામે રક્ષણ મળી રહે અને હિટવેવ સામે સાવચેત બને તેવા ઉમદા હેતુથી ચર્ચાઓનો દોર શરૂ કરવામાં આવ્યું હતું. જેના ફળસ્વરૂપે જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની જાણીતી સેવાકીય સંસ્થાઓ લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા બસસ્ટેન્ડની બહાર ગામડામાંથી ખરીદી, વેપાર, નોકરી, ધંધાર્થે અથવા તો સરકારી કામકાજ માટે આવતા નાગરીકો અને રાહદારીઓને હીટવેવની અસરથી બચી શકે તે માટે અને કાળઝાળ ગરમીથી રક્ષણ મળે તે માટે ઠંડી છાશ અને ઠંડા મિનરલ પાણીની પરબ ખુલ્લી મુકાઈ હતી. બસસ્ટેન્ડ બહાર ખુલ્લી મુકાયેલ ઠંડી છાશ અને ઠંડા પાણીનો મુસાફરોએ અનો રાહદારીઓએ પીધા પછી હાશકારો અનુભવ્યો હતો અને બન્ને સામાજીક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થાઓની સરાહના કરી હતી.

# મેઘરજ માર્કેટ યાર્ડ પાસે ટ્રકની ટક્કરે બાઈક ચાલકનું મોત

ઈસરી, તા. ૪

મેઘરજ નગરમાં આવેલ માર્કેટ યાર્ડના મુખ્ય દરવાજા પાસે અચાનક ટ્રકચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ નગરના કસ્બા વિસ્તારના કાલુભાઈ અબ્દુલભાઈ મકરાણી ઉ.વ. ૬૨ સોમવારના રોજ બપોરના સમયે જમીપરવારી પોતાના ભત્રીજાની બાઈક નં. જીજે.૩૧.સી.૧૭૯૬ પાછળ બેસીને પોતાની પંચાલ રોડ પર આવેલ અનાજ દળવાની ફેક્ટરીએ કામદારનું ટીફીન લઈને જતા હતા તેવા અરસામાં માર્કેટયાર્ડ આગળ અચાનક ઉન્ડવા બાજુથી પુર ઝડપે આવી રહેલ ટ્રક નં. જીજે.૦૯.એવી.૦૮૨૯ એ પાછળથી ટક્કર મારતાં કાલુભાઈ મકરાણી નીચે પટકાયા હતા અને ટ્રકનું ટાયર તેમના શરીર પરથી પસાર થઈ ગયું હતું અને તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. આથી તાત્કાલિક તેમને ૧૦૮ મારફતે રેફરલ હોસ્પિટલ વાસણા ખાતે લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં હાજર તબીબે કાલુભાઈને મૃત જાહેર કર્યા હતા. બાદમાં તેમનું પી.એમ. કરવામાં આવ્યું હતું. આ અંગે મેઘરજ પોલીસે ટ્રકચાલક સામે અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પોળોમાં પ્રવાસે આવેલા કલોલના યુવકને અજાણ્યા વાહને ટક્કર મારતા મોત

હિંમતનગર, તા. ૪

વિજયનગર તાલુકાના પોળોના જંગલ અને પ્રવાસન સ્થળોની મુલાકાતે આવેલા ગાંધીનગર જિલ્લાના કલોલ ગામના યુવકની બાઈકને રવિવારે રાત્રે નવેક વાગ્યે પરોસડા ગામની સીમમાં અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ચાલક યુવકનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. જયારે ઘાયલ બે અન્ય ઈસમોને સારવાર માટે અન્યત્ર લઈ જવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લાના કલોલ ગામના ધવલભાઈ સુરેશભાઈ દરજીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમના સગા મનીષભાઈ તેના બનેવી અને ભાણેજ ત્રણેય જણ રવિવારે પોળોના જંગલમાં ફરવા આવ્યા હતા. જયાંથી પરત પરોસડા-લક્ષ્મીપુરા માર્ગે ઘરે જવા નીકળ્યા હતા.

જેમાં રાત્રે નવેક વાગ્યાના સુમારે મનીષ પોતાના મોટરસાયકલ નં.જીજે.૧૮.સીએફ. ૨૦૧૯ પર બનેવી, ભાણેજ સાથે પરોસડા ગામની સીમમાંથી પસાર થતા હતા, જે સમયે અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને પુરપાટ ઝડપે હંકારી લાવી મનીષની મોટર સાયકલને ટક્કર મારતા મનીષ ઘટના સ્થળે પટકાતા તેનું મોત નિપજયુ હતું.

# સોનાસણની પરિણીતાએ સાસરીયાના ત્રાસથી પિયરમાં ગળેફાંસો ખાધો

## મૃતક મહિલા પાસેથી સુસાઈટ નોટ મળી : મારી છેલ્લી ઈચ્છા મારો અંતિમ સંસ્કાર મારા બે છોકરાઓના હાથે કરજો પપ્પા

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે પરણાવેલી મહિલાએ પિયરમાં આવીને ગળાફાંસો ખાઈને જીવનલીલાનો અંત આણ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામની દિકરી અને પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે પરણાવેલ સોનલબેન જતિનભાઈ દેવીપૂજક ઉ.વ. ૩૦ કે જેને બે બાળકો છે જેમાં પુત્ર કેયુર ઉ.વ. ૨ અને દિકરી એન્જલ ઉ.વ. ૬ જ્યારે તેની સાસરીમાં તેના પતિ જતીનભાઈ બાપુજી દેવીપુજક તથા સાસુ આશાબેન બાપુજી દેવીપુજક તથા સમગ્ર બાપુજી જેના દ્વારા અવારનવાર ટોર્ચર કરવામાં આવતું હતું અને મારઝુડ કરતા તે સોનાસણ તેના પિતાને ઘરે આવી ગઈ હતી. જ્યારે તેના બે બાળકોને પતિ સાસુ સસરા દ્વારા આપવાની ના પાડતા બાળકો વગર રહી શકે તેમ ના હોય સોનલબેનને તેના પિતાના ઘરે કોઈ હાજર ના હતા તે સમયે મંગળવારના રોજ ૧૦ કલાકે એક સુસાઈટ નોંધ લખી પોતે ગળાફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો અને સુસાઈટ નોટમાં લખ્યું કે મારા બે ફુલ જેવા બાળકો વગર હું રહી શકું તેમ નથી અને મારા મૃત્યુ બાદ મારા બે બાળકોના હસ્તે અંતિમ સંસ્કાર કરાવજો જે મારી અંતિમ ઈચ્છા છે પપ્પા. જ્યારે મૃતક યુવતીના પિતા સહિત પરિવાર ઘરે આવતા ગળેફાંસો ખાધેલ દિકરીને જોઈને શોકમય બની ગયા હતા અને પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે જઈ આત્મહત્યાનો ગુનો નોંધી મૃતક સોનલબેનના મૃતદેહને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ. માટે આપ્યો હતો. અને મહિલાના પિતા ગાંડાભાઈ કાન્તિભાઈ દેવીપુજકની ફરીયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મેઘરજ તાલુકામાં તળાવો ભરવાની રાજ્યકક્ષાએ માંગ

## કંથારીયા ડેમનું પાણી નદીમાં છોડવા કોઈ સાંભળતુ જ નથી

ઈસરી, તા. ૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પશ્ચિમ વિભાગના રેલ્લાવાડા, બા.ત. છાપરા-ગેડ, ઈટાદરા, નવાગામ, ઈસરી છાપરાં, ખાખરીયા, તરકવાડા જેરીયાવાડા માળકંપા ફેક્ટરીકંપા-વાવંકપા-નહેરુકંપા-શણગાલ-પાણીબાર છોરવાડા જેવા અન્ય ૨૦ ગામોમાં આજે તો હેન્ડપંપમાં પાણી નથી. પાણી છે તો જનતા માટે પાણી પીવા ઉપયોગમાં આવતુ નથી અને ખાનગી રાહે લંગરીયા નાખીને મોટરોથી ખેતી થાય છે.

માળકંપા-વાવકંપાના હેરાન પરેશાન થયેલ ૧૦ યુવાનો એક મુલાકાતમાં જણાવે છે કે અમારા પશ્ચિમ વિસ્તારમાં રસ્તાની જરૂર નથી. મોટા ફંકશનની જરૂર નથી અમારે જરૂર છે માત્રને માત્ર તળાવમાં પાણી નંખાય અને કંથારીયા ડેમમાંથી પાણી નદીમાં છોડવામાં આવે તો ઢોરને બચાવી શકાય. હાલ મોટેરો બંધ છે. બોરમાં પાણી ટપક ટપક જ થાય છે. અહીં પાણીની કોઈ જ સુવિધા નથી. કૃષિ ગ્રામ સભામાં જનતાનો બળાપો પણ પાણીનો હતો વળી આ વિભાગમાંથી ભાજપના જાગૃત નાગરિકો દ્વારા સંવાદ સેતુ કાર્યક્રમમાં ૩૦થી વધુ પ્રશ્નો પુછેલા પરંતુ અધિકારીઓ જવાબ આપવામાં નિષ્ફળ નિવડ્યા અને માત્રને માત્ર બે ત્રણ સામાન્ય પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પાણીનો પ્રશ્ન ઉકેલવા સૌ નિષ્ફળ ગયા હોવાથી માળકંપા વાવકંપા-રેલ્લાવાડા, ધોળાપાણા, જેરીયાવાડા, જીતપુર, તરકવાડાના આગેવાનો રાજ્યના મંત્રી - મુખ્યમંત્રીને મળીને પાણીનો પ્રશ્ન હલ કરવા કટીબદ્ધ બન્યા છે. સરકાર કિસાનોના પ્રશ્નો સાંભળતી જ નથી તેવું અગ્રણીઓ જણાવે છે.